ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને સહાય યોજનાઓ માટે બીજા હપ્તા પેટે રૂ.૧૮.૭૫ કરોડની ગ્રાન્ટ ફાળવવા બાબત. વર્ષ: ૨૦૨૫-૨૬

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ SJED/MIS/e-file/17/2022/0010/A-1 Section

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધાઃ**

1. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫-૦૩-૨૦૨૫નો ઠરાવ ક્રમાંકઃ SJED/MSM/e-file/17/2024/2141/A-1.
2. અત્રેના વિભાગનો સમાન ક્રમાંકનો તા.૦૩/૦૬/૨૦૨૫નો ઠરાવ
3. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૩૦/૦૭/૨૦૨૫નો પત્ર ક્રમાંક: DDCW/0155/07/2025

**આમુખ:**

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં સહાયની ગ્રાન્ટ પેટે રૂ.૭૫.૦૦ કરોડની બજેટ જોગવાઇને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં થયેલ કુલ જોગવાઇ રૂ.૭૫.૦૦ કરોડની સહાયની ગ્રાન્ટ પૈકીના પ્રથમ હપ્તા પેટે રૂ.૧૮.૭૫ કરોડની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા મંજુરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૩) પરનાં પત્રથી વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં થયેલ કુલ જોગવાઇ રૂ.૭૫.૦૦ કરોડની સહાયની ગ્રાન્ટ પૈકીના બીજા હપ્તા પેટે રૂ.૧૮.૭૫ કરોડની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે સહાય યોજનાઓની ગ્રાન્ટ પેટે કરવામાં આવેલ રૂ.૭૫.૦૦ કરોડની જોગવાઇ પૈકી બીજા હપ્તા પેટે રૂ.૧૮.૭૫ કરોડ (અંકે રૂપિયા અઢાર કરોડ પંચોતેર લાખ પુરા)ની ગ્રાન્ટ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

1. ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમે બાકીના વર્ષના હિસાબોના આખરીકરણની પ્રક્રિયા સત્વરે પૂર્ણ કરવાની રહેશે.
2. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.
3. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય જોગવાઇઓને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
4. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.
5. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
6. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી ગ્રાન્ટ વર્ષને આખરે સરન્ડર કરવાની રહેશે.
7. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
8. આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માંગણી નં-૯૨, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત

આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્યોને સહાય, પેટા સદર-૦૨ બિનઅનામત વર્ગોને શૈક્ષણિક પ્રોત્સાહક સહાય યોજના હેઠળ કરવામાં આવેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૮-૦૮-૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

- અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા.)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ-વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Under Secretary
Date: 2025.09.01
11:21:23 +05:30


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*